## ન્યુઝ ટ્રેક

### કુલભૂષણ જાદવના કેસ માટે સાલ્વેએ માત્ર ૧ રૂ. ફી લીધી

ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસમાં કુલભૂષણ જાદવનો કેસ



લડવા માટે જાણીતા વકીલ હરીશ સાલ્વેએ ભારત સરકાર પાસેથી ફકત રૂ. ૧ની ફી લીધી છે. એક ટવીટના જવાબમાં વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે આ વાત કહી હતી.

### બેન્કિંગ સેકટર પર થઈ શકે છે સાયબર એટેક

રેન્સમવેર વાયરસને કારણે




સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયો છે. જૂન સોફટવેર પર ચાલી રહેલા એટીએમ રવિવારે બંધ રાખવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં સાયબર એટેક પુનઃ થઈ શકે છે. જેના કારણે બેન્કિંગ સેકટરને અસર થઈ શકે છે.

### ૨૯મીએ થશે ભારતના સૌથી લાંબા પુલનું ઉદઘાટન

આસામમાં ચીનની સીમા



નજીક બ્રહ્મપુત્ર નદી પર તૈયાર થયેલા સૌથી લાંબા પુલનું ઉદઘાટન ૨૯મી મેના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે થશે. ધોલા-સાદિયા પુલની લંબાઈ ૯.૧૫ કિલોમીટર છે.

### ઉત્તર કોરિયાએ પરમાણુ સક્ષમ મિસાઈલનું પરિક્ષણ કર્યું

રવિવારે કરવામાં આવેલા




મિસાઈલ ટેસ્ટ વિશે ઉત્તર કોરિયાએ દાવો કર્યો હતો કે તે એક વિશિષ્ટ રોકેટ હતું. જે મોટા પરમાણુ શસ્ત્રો 'વોરહેડ' લઈ જવા સક્ષમ છે. આ મિસાઈલ ૨૦૦૦ કિમીની ઉંચાઈ સુધી ગઈ હતી.

# ચિદમ્બરમ અને કાર્તિના આવાસ પર દરોડા

## ચિદમ્બરમના ચેન્નાઈ સ્થિત આવાસ અને પૈતૃક આવાસ કરાઈપુડીમાં દરોડા દરમિયાન દસ્તાવેજોમાં ચકાસણી : દિલ્હી, મુંબઈ, ચેન્નાઈમાં ઉંડી ચકાસણી

નવી દિલ્હી,તા. ૧૬

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રિય નાણાં પ્રધાન પી. ચિદમ્બરમ અને તેમના પુત્ર કાર્તિના આવાસ પર આજે સવારથી દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ભારે ખળભળાટ મચી ગયો હતો. સીબીઆઈએ જુદી જુદી ટીમો બનાવીને આ કાર્યવાહી હાથ ધરી હતી. સુત્રોનું કહેવું છે કે, એરસેલ-મેક્સિસ તપાસના સંબંધમાં આ દરોડા પાડવામાં આવ્યા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ દ્વારા ચિદમ્બરમના આવાસ ઉપર તપાસ કરવામાં આવી હતી. આઈએનએક્સ મિડિયાને આપવામાં આવેલી મંજુરીના સંબંધમાં આ કાર્યવાહી શરૂ થઈ હતી. ચિદમ્બરમના કાર્તિના આવાસ ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. દિલ્હીમાં રહેલા સુત્રોએ કહ્યું છે કે, મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ, ગુડગાંવમાં એક સાથે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચેન્નાઈમાં ચિદમ્બરમના આવાસ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, મોડી સાંજ સુધી તપાસનો દોર જારી રહ્યો હતો. આઈએનએક્સ મિડિયાના ફંડને ફોરેન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડ દ્વારા મંજુરી આપવામાંઆવી હતી. આ મંજુરી યુપીએ સરકારના ગાળા દરમિયાન



આપવામાં આવી હતી તે વખતે ચિદમ્બરમ પાસે આ વિભાગ હતું. સુત્રોના કહેવા મુજબ કાર્તિ ચિદમ્બરમ પર આક્ષેપ છે કે, તેમની કંપનીએ આઈએનએક્સ મિડિયા ગ્રુપને વિદેશી મૂડીરોકાણના મામલામાં મંજુરી અપાવવા માટે લાંચ લીધી હતી. આઈએનએક્સ મિડિયાના પ્રમુખ કોઈ સમયે પીટર મુખર્જી હતા જે સીનાબોરા હત્યાકેસમાં આરોપી છે. કાર્તિ ચિદમ્બરમ એરસેલ-મેક્સિસ ડિલમાં મનીલોન્ડરિંગના આરોપોનો સામનો કરી રહ્યા છે. તેમના આવાસ ઉપર અગાઉ પણ દરોડા પાડવામાં આવી ચુક્યા છે. એજન્સીએ ગઈકાલે આઈએનએક્સ મિડિયાના મંજુરી આપવામાં ગેરરીતિના સંબંધમાં કેસ દાખલ કર્યો હતો. આઈએનએક્સ મિડિયા તેના ડિરેક્ટર તરીકે ઈન્દ્રાણી મુખર્જી અને પીટર મુખર્જી રહી ચુક્યા છે. એજન્સીએ તેના ડિરેક્ટર ઈન્દ્રાણી મુખર્જી, પીટર મુખર્જી, કાર્તિ ચિદમ્બરમ, ચેસ મેનેજમેન્ટ સર્વિસ (કાર્તિની કંપની), એડવાન્ટેજ સ્ટેટેજીક કન્સલ્ટીંગ લિમિટેડ મારફતે આઈએનએક્સ મિડિયા સામે કેસ દાખલ કર્યો હતો. ચિદમ્બરમ અને કાર્તિના આવાસ પર સીબીઆઈના વ્યાપક દરોડાથી ભારે ખળભળાટ મચી ગયો છે. ચિદમ્બરમના આવાસ અને અન્યત્ર તમામ જગ્યાએ તપાસ કરવામાં આવી હતી. સીબીઆઈના દરોડાની કાર્યવાહી સવારે શરૂ થતા રાજકીય ગમી વધી ગઈ છે. ચિદમ્બરમના આવાસ સહિત ૧૪ જગ્યાઓ પર દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દસ્તાવેજોમાં ઉંડી તપાસ કરવામાં આવી હતી.

# લાલુ સાથે જોડાયેલી ૧,૦૦૦ કરોડની ડિલ મામલામાં દરોડા

નવી દિલ્હી,તા. ૧૬

આવકવેરા વિભાગે આજે સવારે આરજેડીના વડા લાલૂ પ્રસાદ યાદવ અને તેમની પુત્રી મીસા ભારતી સાથે જોડાયેલી બેનામી જમીન સોદાબાજી મામલામાં દિલ્હી, એનસીઆરમાં વ્યાપક દરોડા પાડ્યા હતા. દિલ્હી અને આસપાસના ઓછામાં ઓછામાં ૨૨ સ્થળો ઉપર તપાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આવકવેરા વિભાગે દરોડા પાડતા આરજેડી અને તેના સાથી પક્ષોમાં ખળભળાટ મચી ગયો હતો. લાલૂ પ્રસાદ યાદવ સાથે સંબંધિત ૧૦૦૦ કરોડની બેનામી સોદાબાજી હોવાના આરોપ થઈ રહ્યા છે. અધિકારીઓએ કહ્યું છે કે, વિભાગે દિલ્હી, ગુડગાંવ, રેવાડી અને



અન્ય કેટલાક સ્થળો ઉપર સવારથી જ કાર્યવાહી શરૂ કરી હતી. કેટલાક અગ્રણી બિઝનેસમેન અને રિયલ એસ્ટટના એજન્ટોની ઓફિસ અને તેમના આવાસ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડાની કાર્યવાહી સવારે ૮.૩૦ વાગે શરૂ કરવામાં આવી હતી. ટીવી અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, લાલૂ પ્રસાદ યાદવના જમાઈ શૈલેષ કુમારના આવાસ ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. આજે જ ચેન્નાઈમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમ અને તેમના પુત્ર કાર્તિના આવાસ ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. એક ટીવી ચેનલે હાલમાં જ ખુલાસો કર્યો હતો કે, કઈરીતે દિલ્હીમાં લાલૂની પુત્રી અને તેમના જમાઈએ યુપીએ સરકારના ગાળા દરમિયાન કરોડો રૂપિયાની જમીન બોગસ કંપનીઓ મારફતે ખુબ ઓછી કિંમતમાં ખરીદી લીધી હતી.

## ત્રિપલ તલાક તો મુસ્લિમોની આસ્થાનો મામલો : સિબ્બલ

નવીદિલ્હી, તા. ૧૬

ત્રિપલ તલાકના મુદ્દા ઉપર સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન આજે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના વકીલ કપિલ સિબ્બલે કોર્ટની સમક્ષ અનેક દલીલો રજૂ કરી હતી. સિબ્બલે ત્રણ તલાકને લઈને મુસ્લિમોની આસ્થાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, ૧૪૦૦ વર્ષથી ચાલી રહેલી ત્રિપલ તલાકની પ્રથા મુસ્લિમોની આસ્થાનો મામલો છે. તેમણે કહ્યું હતું કે, આની સરખામણી ભગવાન રામના અયોધ્યામાં જન્મ સાથે સંબંધિત દર્શાવીને કપિલ સિબ્બલે વિવાદ છેડી દીધો હતો. તેમણે કહ્યું હતું કે, જો ભગવાન રામના અયોધ્યામાં જન્મને લઈને હિન્દુઓની આસ્થા પર પ્રશ્નો ઉઠાવી શકાતા નથી તો ત્રિપલ તલાક ઉપર પ્રશ્નો કેમ ઉઠાવવામાં આવી રહ્યા છે. ત્રિપલ તલાક અમાન્ય જાહેર થવાની સ્થિતિમાં નવા કાયદા લાવવા માટે કેન્દ્રમાં નિવેદન ઉપર પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. કોર્ટમાં ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ તરફથી રજૂઆત કરતા કપિલ સિબ્બલે કહ્યું હતું કે, મુસ્લિમો છેલ્લા ૧૪૦૦ વર્ષથી ત્રિપલ તલાકની પ્રથા પાળી રહ્યા છે અને આ વિશ્વાસનો મામલો છે.

## દેદિયાસણ ખાતે અદ્યતન ફિઝયોથેરાપી સેન્ટરનું ઉદઘાટન

મહેસાણા, તા.૧૬

નાયબ મુખ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે આજે મહેસાણાની દેદિયાસણ જી.આઈ.ડી.સી ખાતે સ્વ. આત્મારામભાઈ પટેલ (આત્મારામ કાકાની ૧૦૦મી જન્મ જયંતી ઉજવણી )ની કાયમી સ્મૃતીમાં તૈયાર કરવામાં આવેલ સંપુર્ણ વાતાનુકુલીત અદ્યતન ફિઝયોથેરાપી સેન્ટરનું મહેસાણા શહેરની મોઢેરા રોડ પરની ના સેવા અર્થે લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે તેમને જણાવ્યું હતું કે દેદિયાસણ જી.આઈ.ડી.સી એસોસીએશનની ઉદાર સખાવતથી તૈયાર કરવામાં આવેલ આ સેન્ટર સમાજ સેવાનું એક ઉત્તમ ઉદાહરણ છે તે જણાવી ઉદ્યોગપતીઓ અને તેમના પરિવારને અભિનંદન આપી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

શ્રી નિતીનભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે આ પ્રકારના દાનથી સમાજને એક પ્રેરણા મળતી હોય છે. વધુને વધુ લોકો સમાજ સેવામાં જોડાય તે માટે તેમને અનુરોધ કર્યો હતો. તેમણે સમાજ માટે પોતાનું સમગ્ર જીવન આપનાર સ્વ. આત્મારામ કાકા દ્વારા વિવિધ ક્ષેત્રે આપવામાં આવેલા યોગદાનોને યાદ કરી સ્વ. આત્મારામકાકાનું જીવન આપણને સમાજજીવન જીવવા માટેનુંહરહંમેશ માર્ગદર્શન બની રહેશે તેમ ઉમેરતા એમ પણ જણાવ્યુ હતું કે, સારા કામ કરનાર વ્યકિતની સુવાસ હંમેશા રહેતી હોય છે. તેમાંથી આપણને વધુ સારી સેવાઓ કરવા માટેની પ્રેરણા પ્રાપ્ત થતી રહેતી હોય છે. આ પ્રસંગે દેદિયાસણ જી.આઈ.ડી.સી દ્વારા એક રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પુર્વ ગ્રહમંત્રી શ્રી રજનીભાઈ પટેલ સહિત વિવિધ મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લો રેન્સમવેર વાઈરસ એટેકથી ભયભીત

## જિલ્લા આરટીઓ કચેરી અને તમામ એટીએમ બે દિવસથી બંધ, જી-સ્વાન વેબસાઈટ આંચકા ખાતા પ્રજાજનોની હાલત કફોડી

અરવલ્લી, તા. ૧૬

સમગ્ર વિશ્વમાં રેન્સમવેર વાયરસના કારણે હાહાકાર મચી ગોય છે. સોમવારે દેશમાં વ્યાપક







પ્રમાણમાં રેન્સમવેર માટેના વનાડાઈ વાઈરસના ભય હેઠળ દેશના મોટાભાગના એટીએમ બંધ કરવાની નોબત આવી હતી. પરંતુ ભારતમાં રેન્સમવેર વાઈરસની એટલી બધી અસર જોવા મળી નથી. પરંતુ અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર નજીક આવેલી જિલ્લા આરટીઓ કચેરી અગમચેતીના ભાગરૂપે બે દિવસથી કામકાજ બંધ કરી દેવામાં આવ્યુ છે. તદ્ઉપરાંત જિલ્લામાં આવેલા તમામ એટીએમ બંધ કરી દેવામાં આવતા અને જી-સ્વાન વેબસાઈટ પણ ઠપ્પ જેવી હાલતમાં આંચકા ખાતા જિલ્લાના પ્રજાજનો અને ગ્રામ્ય વિસ્તારના લોકો રેન્સમવેર વાઈરસ એટેકથી અજાણ રહેતા ધરમધક્કા ખાઈ રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહિત જિલ્લાના તમામ એટીએમ મશીનો રેન્સમવેર વાઈરસ એટકનો ભોગ ન બને તે માટે સોમવારે અને મંગળવારે બંધ રખાતા ગ્રાહકો મુશ્કેલીમાં મુકાયા હતા. બેંક સત્તાધીશોએ અને સરકારે રેન્સમવેર વાઈરસથી જનજીવન પ્રભાવીત થતા આવા સમયે કોઈ વૈકલ્પીક વ્યવસ્થા ગોઠવવી જોઈએ તેવુ જિલ્લાભરના તમામ એટીએમ મશીનો પર રૂપિયા ઉપાડવા આવતા લોકોએ રોષપૂર્વક જણાવ્યું હતું. રેન્સમવેર વાઈરસ એટેકથી અજાણ એટીએમ ધારકો એટીએમ મશીનમાં રૂપિયા ખુટી ગયા હોવાનુ માની લઈ એક એટીએમથી બીજા એટીએમ ધરમધક્કા ખાતા નજરે પડ્યા હતા.

મોડાસાથી ૩ કિ.મી. દૂર આવેલી જિલ્લા એઆરટીઓ કચેરીએ રેન્સમવેર વાઈરસ એટેકના પગલે આરટીઓના ડેટા કરપ્ટ ના થાય તેના અગમચેતીરૂપે સોમવારે સવારથી જ જિલ્લા એઆરટીઓ કચેરીમાં કોમ્પ્યુટર બંધ રાખી કામગીરી બંધ કરાતા અને એઆરટીઓ કચેરીમાં બોર્ડ મારી જણાવ્યું હતું કે મૌખીક સૂચનાના અનુસંધાને કાર્યવાહી બંધ રાખેલ છે. પરંતુ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રેન્સમવેર વાઈરસના એટેકથી અજાણ પ્રજાજનો સતત બે દિવસ સુધી ધરમધક્કા ખાવા પડી રહ્યા છે. ધમધોખતા તાપમાં પ્રજાજનોને ચક્કર ખાવા પડતા તોબા પોકારી ઉઠ્યા હતા. જિલ્લા વહીવટીતંત્ર અને વાઈરસ એટેકથી સરકારી કામકાજ બંધ રહેવાની જાણકારી અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હોત તો જિલ્લાના પ્રજાજનોને સરકારી કચેરીઓ અને જિલ્લા એ.આર.ટી.ઓ. કચેરી સુધી ધરમધક્કા ન ખાવા પડ્યા હોત અને પ્રજાજનોનો સમય અને નાણાં વેડફાતા બચાવી શકયા હોત.

# મોડાસામાં નાઈટ ક્રિકેટ મેચ જોતા યુવક પર ટ્રક ફરી વળ્યું

મોડાસા શહેર સહિત અરવલ્લી જિલ્લામાં ઠેક-ઠેકાણે ઉનાળુ વેકેશન પડતાની સાથે જ વિવિધ યુવક મંડળો અને ટીમો દ્વારા ઠેર ઠેર ડે-નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવતા ક્રિકેટ રસીયાઓ ડે-નાઈટ ટૂર્નામેન્ટનો આનંદ ઉઠાવવા પહોચી જતા હોય છે. સોમવારે રાત્રે મોડાસા-ધનસુરા રોડ પર આવેલા ટ્રાન્સપોર્ટ પેટ્રોલપંપના પાછળના મેદાનમાં ચાલતી ડે-નાઈટ ક્રિકેટ મેચ નિહાળતા બાઈક સવાર યુવાન પર પરપ્રાંતિય ટ્રક ટ્રેલર ફરી વળતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઈ હતી. મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં રહેતો યુવક રાકેશભાઈ રમેશભાઈ તેના મિત્ર વર્તુળ સાથે મોડાસા-ધનસુરા રોડ પર આવેલા ટ્રાન્સપોર્ટ પેટ્રોલપંપના મેદાનમાં ચાલી રહેલી ક્રિકેટ મેચ જોવા બાઈક લઈને પહોંચી ગયો હતો અને ક્રિકેટની મજા માણવા બાઈકનો ટેકો લઈને ઉભો રહ્યો હતો ત્યારે યમદૂત બનીને પરપ્રાંતિય ટ્રક-ટ્રેલર (નં. એચઆર. એસએસવી-૧૬૯૯)ના ચાલકે તેના કબજાની ટ્રક રોડ સાઈડ પૂરઝડપે હંકારી રાકેશની ટેકો લીધેલી બાઈક સહિત યુવાનને અડફેટે લેતા તાબડતોડ યુવાનને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયો હતો.

## શહેરમાં ભજનાંજલી કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના અગ્રણી ઉદ્યોગપતિ એન.પી. પટેલ (વેસ્ટર્ન એગ્રીસીડ) પરિવારમાં બે યુવાનભાઈઓ સ્વ. અનંત અને સ્વ. હર્ષદ (તેમના મોટા ભાઈ ભગવાભાઈના પુત્રો)ની ૨૭મી પુણ્યતિથિ નિમિત્તે તા. ૨૨-૫-૨૦૧૭ને સોમવારના રોજ ભાગવત મર્મજ્ઞ શ્રી કૃણાલ શાસ્ત્રીની વિશેષ ઉપસ્થિતિમાં મોક્ષ મંદિર, સે-૩૦ ગાંધીનગર ખાતે સાંજના ૭.૩૦ થી ૧૦.૦૦ કલાક દરમિયાન ભજનાંજલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ભાવનગરની કૃષ્ણકુમારસિંહજી અંધશાળાના દિવ્યાંગ ભાઈ બહેનો દ્વારા રજુ થશે.

## કંપની સમાચાર

### કેફે કોફી ડે માં નવા સમર ચિલર્સ પીણાં સાથે આ ઉનાળો પણ ઠંડકમાં ફેરવાઈ ગયો છે

ઉનાળો બેસી ગયો છે અને કાળઝાળ ગરમી અને પસીનો તેનું કામ કરી રહ્યો છે. આપણે બધા જ ઉનાળાની આ ગરમીથી છુટકારો મેળવવા પ્રયાસ કરી રહ્યા છીએ ત્યારે કેફે કોફી ડે (સીસીડી) આ ઉનાળાની મોસમમાં પણ ઠંડો ઠંડો અહેસાસ કરવા અને તેની મોજ લેવા માટે શ્રેણીબદ્ધ પીણાંઓ લઈને આવી છે. તો સીસીડીના સમર ચિલર્સ નામે પીણાં સાથે કૂલ અને ફ્રેશ રહો. તે તમને પીણાંઓની સંપૂર્ણ નવી શ્રેણી આપે છે, જે તાજગીપૂર્ણ હોવા સાથે અજોડ ફલેવર્સમાં ફ્રેપીઝ અને સ્લશીઝની વ્યાખ્યા કરે છે, જે તમારી ભીતરના શોધકને સંતુષ્ટ કરીને રહેશે.

સીસીડીના ગ્રાહકોએ તેના કેફે ખાતે ફ્રેપીઝની અત્યંત વહાલી શ્રેણીઓમાં ભરપૂર સંતોષકારક અને મનોરંજક સમય વિતાવ્યો છે. સીસીડીએ હવે બે અજોડ અને યમ્મી ફ્રેપી ઉમેરા આલ્મંડ રબડી ફ્રેપી અને ક્રીમી ટોફી ફ્રેપી સાથે આ મોજીલી પળોમાં નવો ઉમેરો કર્યો છે. આલ્મંડ રબડી ફ્રેપી તમને ગ્લાસમાં લોકપ્રિય ભારતીય ડેઝર્ટનો ક્લાસિક આસ્વાદ કરાવે છે. આ સ્મૂધ ચિલર વ્હિપ્ડ ક્રીમના શોટ અને ક્રન્ચી આલ્મંડ ફ્લેક્સના ટોપ્ડ ઓફફ સાથે પીરસવામાં આવે છે. સીસીડી સ્વાદિષ્ટ ક્રીમી ટોફી ફ્રેપી સાથે યુવાનો માટે વધુ એક નવો અને ઉત્ક્રાંતિનો સ્વાદ લાવી છે.

### આયોન એક્સચેન્જ દ્વારા ક્રાંતિકારી ઝીરો બી ઈકો આરઓ વોટર પ્યુરિફાયર લોન્ચ કરાયું

જળ ઉપચાર ઉદ્યોગમાં આગેવાન આયોન એક્સચેન્જ (ઈન્ડિયા) લિ. મજબૂત આંતરરાષ્ટ્રીય હાજરી સાથે જળ અને પર્યાવરણની માવજતમાં આગેવાન છે. લગભગ પાંચ દાયકાથી આયોન એક્સચેન્જ (ઈન્ડિયા) લિ. ઉદ્યોગ, ઘરો અને સમુદાયો માટે એક છત હેઠળ નિવારણો પૂરા પાડવા માટે ટેકનોલોજીના ક્ષેત્રમાં ઘણી બધી પથદર્શક નાવીન્યતાઓમાં આગેવાની કરી છે. વોટર પ્યુરિફાયરોમાં તેમની ટેકનોલોજિકલ નાવીન્યતાઓને આગળ લઈ જતાં આયોન એક્સચેન્જે ઈકો આરઓ નામે તેની ફલેગશિપ બ્રાન્ડ ઝીરો બી હેઠળ દુનિયાનું સૌપ્રથમ હાઈ રિકવલરી વોટર પ્યુરિફાયર લોન્ચ કર્યું છે. આ પ્રોડકટ ઊર્જા કાર્યક્ષમ અને પર્યાવરણ અનુકૂળ હોઈ ૭૦ ટરકા સુધી પાણીની બચત કરે છે. આયોજન એક્સચેન્જની ફલેગશિપ બ્રાન્ડ ઝીરો બી વોટર પ્યુરિફાયરો દુનિયાભરના લાખ્ખો ગ્રાહકોના વિશ્વાસપાત્ર છે.

## હજુ અધ્ધરતાલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારની રોનક નિખરી હતી. પરંતુ ટુંકા સમયગાળામાં જ ફુવારા બંધ થતા શોપિંગ વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષથી નત નવી સમસ્યાઓ ઉભી થવા પામી છે. સે-૨૧ શોપિંગ વિસ્તારની બે વર્ષ અગાઉ રાજયના તત્કાલીન મુખ્ય સચિવ પાંડીયને મુલાકાત લઈ બંધ ફુવારા દુર કરી આ ઠેકાણે પાર્કીંગ પ્લેસ બનાવવા માટે પણ માર્ગ મકાન વિભાગના અધિકારીઓને સુચના આપી હતી. પરંતુ લાંબા સમયના અંતે પણ આ કામગીરી હજુ હાથ ધરવામાં આવી નથી. બીજીતરફ શોપિંગના વેપારીઓ પણ આ મામલે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરીને થાકી ગયા છે. બંધ ફુવારાના લીધે આ વિસાતારની રોનક ઓસરી ગઈ છે. જયારે ફુવારાના ઠેકાણે હાલ ખદબદતી ગંદકી વચ્ચે રખડતા ઢોર વિસામો લેતા નજરે પડે છે. ગંદકીના લીધે આ વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. જયારે સાંકડા પાર્કીંગ પ્લેસના લીધે શોપિંગ વિસ્તારમાં વાહનો મુકવાની સમસ્યા પણ પેચીદી બની છે. ત્યારે બંધ ફુવારા દુર કરી આ ઠેકાણે પાર્કીંગ પ્લેસ બનાવવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

ફોન કરી પૂછી લઉં કે 'શું થયું ? તમે ત્યાં પહોંચીને ફોન ન કર્યો.'

'અરે ! એમાં ફોન કરવાનો શું હોય, ત્યાંથી ટ્રેનમાં નીકળ્યા ને અહીં પહોંચી ગયા.' તે હસ્યા.

'મેં કહ્યું, તમને તો ખબર છે. બાને કેટલી ચિંતા થાય. તેમણે પેહેલેથી એવો નિયમ રાખ્યો છે કે જે બહાર જાય તેણે પહોંચની જાણ કરવી. જો કે અમે તો આ ઔપચારિકતા ને નિયમ જ બનાવી દીધો છે.' મેં જરા નિરાશાભર્યા સ્વરે કહ્યું.

તેં ખીજાઈ ગયા અને વકીલની જેમ દલીલ કરવા લાગ્યા. 'સારું, એમ કહે અમારી પાસે કંઈ જોખમ હતું ? બહુ બધો સામાન હતો. જો ઘરે પહોંચ્યા ન હોત તો તારી ભાભી ફોન કરીને તમે પુછત કે નહીં. કે અમારું શું થયું ? અમે બંને મોટાં છીએ. કંઈ નાના છોકરાં નહોતાં કે ટ્રેનમાં ગુણ થઈ જઈએ...'

મને એમ લાગ્યું કે કોઈએ તેમના હાથમાંથી મોબાઈલ છીનવી લીધો. મેં રિસીવર મુકી દીધું અને મનોમન વિચારવા લાગ્યો.

'તમને સ્નેહા જન્મી ત્યારથી ખબર તો હતી જ કે વીસ વરસ પછી તેનાં લગ્ન કરવાં પડશે. છતાં તમે લોકોએ આટલાં વર્ષો સુધી જરૂરી હોય તેટલો તો શું થોડી ઘણી બચત કરી નહીં. તમે મોટા નહીં, દીકરાના બાપ પણ નહીં, બાળક છો બાળક...'

## હેલ્લો ફ્રેન્ડ્સ ● ૪ પાનાનું ચાલુ...

આયુષી

વાંચતાની સાથે જ સંકેતની આંખો ઉભરાઈ ગઈ... ગળામાં ડુમો બાઝી ગયો. તે નિઃશબ્દ બની ઉભો રહી ગયો.

શેઠ ઉભા થઈને તેની નજીક આવ્યા અને કહ્યું. 'સંકેત...આ કવરમા બીજુ કાગળ છે તે તમારી ફેમિલી ટુરનું યુરોપનું પેકેજ છે. તમારા પાસપોર્ટ, વીઝા થઈ જશે... ખરીદીના વાઉચરો છે...તમારા મનગમતા કપડા ખરીદી લેજો....અને ગોવા જવાની જરુર નથી....!!'

શેઠ પણ દુનીયાદારી જોઈ ચુક્યા હતા.

સંકેત શેઠના ચરણોમા ઝુકી ગયો..

શેઠે તેને ખભો પકડીને ઉભો કર્યો અને કહ્યુ,, 'અને.... હા તારી ડાહી આયુષીને કહી દે જે કે મેં તેને લખેલી રજાચીઠ્ઠી મંજુર કરી દીધી છે.'

ક્યાંકથી ઉડીને આવેલી આ વિષ્ણુ એમ. પ્રજાપતિના નામની રજાચીઠ્ઠી સમજણના દસ્તાવેજ જેવી છે.

**ચૂંટલો :**

ખર્ચા કરીને પ્રવાસ કરીએ એટલે જ વેકેશન માણ્યું કહેવાય? વેકેશન એટલે નિયમિત કામમાંથી થોડો આરામ, એટલું સમજાય એટલે આનંદ બેવડાય! બાકી ગજા બહારની ઈચ્છાઓ સંતોષવા પોતાના પતિને આડા માર્ગે ચાલતો કરવા ક્યાંક પત્ની તો નિમિત્ત નથી બનતીને?